જનલોકપાલ માટેનું આંદોલન હજુ રોકાયુ નથી : અણ્ણા

નવી દિલ્હી,તા. ૧૦

ભ્રષ્ટાચારના મામલે સરકારને હચમચાવી મુકનાર સામાજિક કાર્યકર અણ્ણા હજારેએ આજે કહ્યુ હતુ કે જનલોકપાલ માટેનું આંદોલન હજુ રોકાયુ નથી. બલકે આ લડાઈ જારી રહેશે. આના ભાગરૂપે ૩૦મી જાન્યુઆરીથી દેશના પ્રવાસની શરૂઆત કરવાની પણ અણ્ણાએ ઘોષણા કરી હતી. અણ્ણાએ તમામ આંદોલનકારીને એક થઈને આગળ વધવા અપીલ કરી હતી અને કહ્યુ હતુ કે જનલોકપાલની લડાઈ જારી રહેશે. સરકારી લોકપાલ કોઈ પણ કિંમતે ચાલશે નહીં. યુપીએ સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યુ હતુ કે આજે દેશની તમામ ચીજો વેચાઈ રહી છે. કુદરતી અને કુદરતી સંપત્તિનું શોષણ કરવામાં આવી રહ્યુ છે જે ખુબજ ખતરનાક બની રહ્યુ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે હવે સત્તાનું વિકેન્દ્રિકરણ સૌથી જરૂરી બની ગયુ છે. વિદેશી કંપનીઓને દેશમાં આવવાથી રોકવાની બાબત ખૂબજ જરૂરી બની ગઈ છે. સરકાર વન્ય, પાણી અને કુદરતી સંપત્તિનું ખાનગીકરણ કરી રહી છે. જેની કિંમત આવનાર પેઢીને ચૂકવવી પડશે. અણ્ણાએ ગ્રામસભાના મહત્વ ઉપર ભાર મુકતા કહ્યુ હતુ કે આને અમલમાં મુકવાની જરૂર છે. અણ્ણાએ એમ પણ કહ્યુ હતુ કે બિહારના પ્રવાસથી આની શરૂઆત થશે. આ અગાઉ અણ્ણા હજારેએ અહીં પોતાની જુની ટીમના સભ્યોને મળીને તેમની સાથે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન પર આગળની યોજના પર ચર્ચા કરી હતી. બેઠકમાં કિરણ બેદી, મેધા પાટકર સહિત અન્ય સભ્યો સામેલ થયા હતા. અણ્ણાએ બેઠક પહેલા મિડિયામાં કહ્યુ હતુ કે અમે પોતાનું કામ શરૂ કરી ચુકયા છીએ. અમે રણનીતિ નક્કી કરી રહ્યા છીએ. તેમની ટીમને નવી ટીમ અણ્ણા કહેવામાં આવશે કે કેમ તે અંગે પુછવામાં આવતા આ ટીમ નવી નથી જુની ટીમ છે. કિરણ બેદીએ કહ્યુ હતુ કે અણ્ણાએ ખાનગીરીતે બેઠકમાં આમંત્રણ આપ્યુ હતુ. અગાઉની ટીમ અણ્ણાને વિખેરી નાંખવામાં આવ્યાના બે મહિના બાદ નવી ચળવળ હાથ ધરવાની અણ્ણાએ જાહેરાત કરી હતી. હજારેએ ૧૩ સભ્યોની નવી સંકલન પેનલની રચના કરવાની જાહેરાત કરી હતી

જેની બેઠક આજે મળી હતી. ચળવળની ભાવિ વ્યૂહરચનાને આખરી ઓપ આપવા પાંચ કલાક સુધી ચર્ચા થઈ હતી. હજારેએ ૧૯મી સપ્ટેમ્બરના દિવસે તેમની ભૂતપૂર્વ ટીમથી અલગ પડી જવાની જાહેરાત કરી હતી. રાજકીય પક્ષની રચનાના મુદ્દે ચાવીરૂપ સાથી અરવિંદ કેજરીવાલથી ટીમ અલગ પડી ગઈ હતી. ભાવિ વ્યૂહરચના પર ટીમના સભ્યો સાથે વિસ્તારપૂર્વક ચર્ચા કરાઈ હતી. ઘણા પોલીસ અધિકારીઓ અને સોનાના અધિકારીઓ પણ ચળવળમાં સામેલ થવા ઈચ્છુક છે તેમ અણ્ણાએ ઉમેર્યુ હતુ. સમાજિક કાર્યકરે કહ્યુ હતુ કે નવી ચળવળ માત્ર લોકપાલ પર ધ્યાન આપશે નહીં બલકે સિસ્ટમને બદલવા પર ધ્યાન આપશે. સિસ્ટમના સર્વાંગી ફેરફાર પર પણ ધ્યાન આપશે. ચૂંટાયેલા ઉમેદવારોને ફગાવી દેવાના અધિકાર અને સમયબદ્ધ સર્વિસ માટે સિટિઝન ચાર્ટરની પણ તેઓએ વાત કરી હતી. અણ્ણાએ ઉમેર્યુ હતુ કે ૨૦૦૩ પહેલા સરકારે લોકપાલ લાવવું જોઈએ.

પાકિસ્તાન ૧૫ ભારતીય માછીમારોને મુક્ત કરશે

ઈસ્લામાબાદ, તા. ૧૦

પડોશી રાષ્ટ્ર પાકિસ્તાન ૧૫ ભારતીય માછીમારોને સોમવારના રોજ મુક્ત કરશે. દરિયાઈ સીમાના ભંગ બદલ પકડાયેલા તમામ ૧૫ માછીમારોને સોમવારના રોજ મુક્ત કરવામાં આવશે. એક મહિના અગાઉ સજા પૂર્ણ કરી ચૂકેલ માછીમારોને હવે સોમવારે કરાંચી જેલમાંથી છોડવામાં આવશે.

ભારતીય હાઈ કમિશનના અધિકારીઓના જણાવ્યા મુજબ વાઘા સરહદેથી તેમને ભારતમાં પ્રવેશ કરવા દેવાશે. પાકિસ્તાનના અગ્રણી અધિકાર કાર્યકર્તા અંસાર બર્નીએ કહ્યું હતું કે, તેમના ટ્રસ્ટ નાયર્સે ભારતીય માછીમારોને ભારત મોકલવામાં આવશે. ગત મહિને પાકિસ્તાન મેરીટાઈમ સિક્યુરીટી એજન્સીએ પોતાની જળ સીમામાં ઘૂસવાના આરોપસર ૫૭ ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી. આ તમામને કરાંચી જેલમાં આપવામાં આવ્યા હતા. મુક્ત કરવામાં આવનાર માછીમારોમાં લાખા દેવા ભાલીયા, મિસરી સોલંકી, પ્રકાશ સોલંકી, કારો ગોવિંદ વાજા, સુંજય જીવા સરાણીયા, જીવા બદીયા, ભીખા બામણીયા, અમૃતલાલ બામણીયા, વિજય લક્ષ્મણ સોલંકી, જીતેન્દ્રકુમાર વંન્ટા જેઠવા, કાલુ રામ વાળા, ચુનીલાલ ક્રિષ્નન બામણીયા, બાબુ ભીખા બામણીયા, મનસુખ સોલંકી અને પ્રેમજી રામા જેઠવાનો સમાવેશ થવા જાય છે.

આગામી દિવસમાં લીટરદીઠ પેટ્રોલની કિંમતમાં એક રૂપિયાનો ઘટાડો થવાની શક્યતા

નવી દિલ્હી,તા. ૧૦

પેટ્રોલની કિંમતમાં એક રૂપિયા સુધીનો થોડાક દિવસમાં જ ઘટાડો કરવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે જેથી લોકોને રાહત મળી શકે છે. ઓઈલ કંપનીઓ આગામી વખતે જયારે કિંમતોની સમીક્ષા કરશે ત્યારે કિંમતમાં ઘટાડો કરી શકે છે. સરકાર દ્વારા પેટ્રોલ પંપ ડિલર કમીશન વધારી દીધા બાદ ૨૭મી ઓક્ટોબરના દિવસે દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૨૯ પૈસા વધીને ૬૮.૧૯ રૂપિયા થઈ ગઈ હતી. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચેરમેન આર એસ બુટોલાએ કહ્યું છે કે પેટ્રોલની કિંમતમાં હાલમાં જ ઘટાડો થયો છે. આનાથી માર્જિંગની સ્થિતિ દેખાઈ રહી છે પરંતુ કેટલાક થોડાક

દિવસથી પેટ્રોલની કિંમત વધી છે. આની સાથે જ ડૉલરની સરખામણીમાં રૂપિયામાં પણ નબળાઈ જોવા મળી છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને વલણ નક્કી કરવાની ફરજ પડે છે.

છેલ્લા કેટલાક સમયથી ક્રુડ ઓઈલની કિંમતમાં ઘટાડો થયો છે. ડૉલરની સરખામણીમાં રૂપિયો મજબૂત થયો છે એ વેળા તેલ કંપનીઓને આશરે લિટર દીઠ રૂપિયા બેનો ફાયદો થતો હતો પરંતુ હવે પેટ્રોલની કિંમત ફરી વધવા લાગી છે. રૂપિયામાં પણ ડૉલરની સામે ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં નેટ માર્જિંગ એક રૂપિયો રહી શકે છે. લોકોને આની રાહત આપવા વિચારણા કરાશે. આગામી થોડાક દિવસમાં કિંમતોની સમીક્ષા કરવામાં આવશે. સરકારે જૂન ૨૦૧૦માં પેટ્રોલની કિંમતને અંકુશ મુક્ત કરી દીધી હતી જેથી ઓઈલ કંપનીઓને ખર્ચની દૃષ્ટિએ કિંમત નક્કી કરવાની સ્વતંત્રતા મળી હતી પરંતુ પેટ્રોલની કિંમત આંતરરાષ્ટ્રીય કિંમત મુજબ નક્કી કરવામાં આવી નથી. ઓઈલ કંપનીઓ ઉપર હમેશા સરકારનું દબાણ રહે છે. ફુગાવાને કાબૂમાં રાખવા માટે સમય સમયે કંપનીઓ ઉપર દબાણ વધારવામાં આવે છે. બુટોલાનું કહેવું છે કે ઈન્ડિયન ઓઈલને ખર્ચ કરતા ઓછી કિંમતે પેટ્રોલનું વેચાણ કરવા બદલ ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન ૧૧૬૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. પેટ્રોલ ઉપર કંપનીને સરકારી મદદ પણ મળી નથી.

શ્રીલંકામાં જેલમાં હિંસા ભડકી : ૨૭ના મોત થયા

કોલંબો,તા. ૧૦

શ્રીનગરના પાટનગર કોલંબોની વેલીકાડા જેલમાં કેદીઓ અને સુરક્ષા જવાનો વચ્ચે થયેલી હિંસક અથડામણમાં મોતનો આંકડો વધીને ૨૭ ઉપર પહોંચી ગયો છે. પોલીસની ટૂકડી જેલમાં તપાસના ભાગરૂપે પહોંચી ત્યારે એકાએક હિંસાની શરૂઆત થઈ હતી. એવા અહેવાલ પણ મળ્યા છે કે જેલમાં ગોળીબારનો બનાવ પણ બન્યો હતો. કેદીઓએ સુરક્ષાકર્મીઓના હથિયારો પણ કબજે કરી લીધા હતા. આ બનાવ બન્યા બાદ જેલમાં સેનાને બોલાવવાની ફરજ પડી હતી. આસપાસના વિસ્તારોને પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. જેલમાં હાલ એવા ૪૦૦૦ કેદી છે જે કેદીઓ અગાઉ પણ હિંસા જોઈ ચુકયા છે. જાન્યુઆરી મહિનામાં જેલમાં થયેલી હિંસામાં ૨૫ કેદીઓ અને ચાર સુરક્ષા જવાનો ઘાયલ થયા હતા. વર્ષ ૨૦૧૦માં આ જેલમાં કેદીઓની પાસે મોબાઈલ ફોન પકડી પાડવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન ભડકેલી હિંસામાં ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. કોલંબોમાં રાષ્ટ્રીય હોસ્પિટલના નિર્દેશક અનિલ જાસિંઘેએ કહ્યુ છે કે ઓછામાં ઓછા ૨૭ લોકો માર્યા ગયા છે જેમાં કેદીઓનો પણ સમાવેશ થાય છે. દરમિયાન શ્રીલંકાની મુખ્યજેલમાં રહેલા ભારતીય કેદીઓ પૈકી કોઈને પણ ઈજા થઈ નથી.

બિહારના વિકાસ માટે સંચાલન જ જવાબદાર

નવી દિલ્હી,તા. ૧૦

પાકિસ્તાનની પ્રથમ મુલાકાતે રહેલા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે આજે કહ્યુ હતુ કે સારા સંચાલનના પરિણામસ્વરૂપે બિહારમાં વિકાસની પ્રક્રિયા જોવા મળી રહી છે. કુમારે કહ્યુ હતુ કે તેમના રાજયના સર્વાંગી વિકાસની ખાતરી કરવા માટે તેઓ બનતા તમામ પ્રયાસ કરી રહ્યા છે. સિંધના મુખ્યમંત્રી સૈયદ કઈમ અલી શાહ દ્વારા આયોજિત લંચ કાર્યક્રમમાં કુમારે કહ્યુ હતુ કે પાકિસ્તાન અને ભારત એક સામાન્ય ઈતિહાસ અને પરંપરા ધરાવે છે. અમારા દ્વિપક્ષીય સંબંધો હંમેશા સુધરે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. ઈતિહાસ તરફ પણ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. તેમણે ઉમેર્યુ હતુ કે પાકિસ્તાનમાં આવીને તેઓ ગર્વ અનુભવ કરી રહ્યા છે. પાકિસ્તાનના લોકોને તેઓ શુભેચ્છા આપી રહ્યા છે. પાકિસ્તાનની એક સમાહની મુલાકાતે નીતિશકુમાર ગઈકાલે પાકિસ્તાન પહોંચ્યા હતા. પાકિસ્તાનની પ્રથમ મુલાકાતે તેમને જે સન્માન મળ્યુ છે તેનાથી તે પ્રભાવિત છે. ભાઈચારા અને કોમી એખલાસનું વાતાવરણ પ્રવર્તી રહ્યુ છે. વર્ષ ૨૦૦૫માં બિહારના મુખ્યમંત્રી બનેલા નીતિશકુમારે પોતાના અનુભવ રજુ કરતા કહ્યુ હતુ કે સાત વર્ષ અગાઉ તેઓએ સર્વાંગી વિકાસની પ્રક્રિયા હાથ ધરી હતી જે અકબંધ રહી છે.

પડકાર અને તકોને ઝડપી લેવામાં આવી છે. રાજયમાં ક્રાઈમનો ગ્રાફ એકંદરે ઘટી ગયો છે. ઓર્ગેનાઈઝ્ડ ગુનાઓ પણ ઘટી ગયા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ઉલ્લેખનિય સુધારો થયો છે. છેલ્લા સાત વર્ષમા કોઈ પણ પ્રકારની સાંપ્રદાયિક હિંસા થઈ નથી. કોમી એકલાસનું વાતાવરણ છે. છેલ્લા પાંચ વર્ષમાં બિહારનો વાર્ષિક વિકાસદર ૧૧ ટકા રહ્યો છે. ૧૨મી યોજનામાં વિકાસદર ૧૩ ટકા સુધી લઈ જવાની યોજના છે. દેશમાં વર્ષ ૨૦૧૧-૧૨માં ગ્રોથરેટ ૧૬.૭ ટકા હતો જે સૌથી ઉંચો હતો.

આરએસએસના વર્કરો કોંગી વર્કરો કરતા સારા છે : વર્મા

ભોપાલ,તા. ૧૦

સુરજકુંડમાં કોંગ્રેસના સેશનના એક દિવસ બાદ જ કોંગ્રેસના એક સાંસદે સંઘની કટિબદ્ધતાની ભારે પ્રશંસા કરતા એક નવો વિવાદ ઉભો થયો છે. કોંગ્રેસના આ નેતાએ કહ્યુ છે કે કોંગ્રેસના નેતાઓ એસી કારમાંથી બહાર નીકળતા નથી. બીજીબાજુ આરએસએસના કાર્યકરો વધુ કટિબદ્ધતાથી કામ કરી રહ્યા છે. એસી ચેમ્બરમાં બેસીને આદેશો આપવા અને સામાન્ય લોકોની નોંધ નહીં લેવાનો આક્ષેપ કોંગ્રેસના નેતાઓ પર કરવામાં આવ્યો છે. દેવાસમાંથી કોંગ્રેસના સાંસદ સજ્જનસિંહ વર્માએ આક્ષેપ કરીને ખળભળાટ મચાવી દીધો છે. તેમનું કહેવું છે કે આરએસએસના કાર્યકરો કોંગ્રેસના નેતાઓ કરતા ખુબ સારા છે કારણ કે તેઓ સંપૂર્ણ કટિબદ્ધતા સાથે કામ કરે છે. જયારે બીજીબાજુ આરએસએસના વર્કરો સંપૂર્ણ ઈમાનદારી અને કટિબદ્ધતા સાથે તેમની પાર્ટી માટે કામ કરે છે. ચણા

ઉપર આધારિત રહે છે. જયારે અમારા નેતાઓ એસી ચેમ્બરમાંથી પણ બહાર આવતા નથી. બે દિવસ અગાઉ નિમચ ખાતે પક્ષના કાર્યકરોને સંબોધતા તેમણે આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે પાર્ટી ખુબજ મુશ્કેલ તબક્કામાંથી બહાર નીકળી રહી છે. અમારા સિનિયર નેતાઓ લીપ સર્વિસની ઓફર કરી રહ્યા છે. જ્યાં સુધી કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ નીચલા સ્તરે બહાર નીકળીને સખત પરિશ્રમ કરશે નહીં ત્યા સુધી મિશન ૨૦૧૩ સફળ થશે નહીં. દિલ્હીમાં આ નેતાઓ હેરાન પરેશાન દેખાઈ રહ્યા નથી. તેઓ તેમની કામગીરીથી ખુશ છે પરંતુ જયારે સાંસદોના વન્ય વિસ્તારોના પ્રવાસ કરે છે ત્યારે આ અમારા નેતાઓ એસી રૂમમાંથી બહાર નીકળવામાં ખચકાટ અનુભવે છે. જયારે ભાજપ આરએસએસના કાર્યકરોને ટેકો આપે છે. આરએસએસ વગર ભાજપના નેતાઓ આવુ જ કામ કરે છે. આરએસએસના કાર્યકરો ૨૦૧૩ મિશન જાણે છે. કઈરીતે જીતી શકાય તે પણ જાણે છે. વર્માએ જુથવાદ માટે પક્ષના કાર્યકરો પર પ્રહારો કર્યા હતા. જો કે ગઈકાલે વર્માએ કહ્યુ હતુ કે તેઓએ આવું કોઈ નિવેદન કર્યુ નથી. કોંગ્રેસ કરતા આરએસએસ વધુ કટિબદ્ધ છે તેવી વાત કરી હોવાનો ઈન્કરા કરી દીધો છે. કોંગ્રેસના નેતા આ નિવેદનથી ભારે નારાજ દેખાઈ રહ્યા છે.

પ્રિયંકા અને રાહુલ રજુઆત કરશે

એલપીજી સિલિન્ડરની મર્યાદાને વધારી શકાય

લખનૌ,તા. ૧૦

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના નેતાઓની વાતમાં વિશ્વાસ કરવામાં આવે તો પ્રિયંકા ગાંધી વાઢેરા એવો મત ધરાવે છે કે કેન્દ્ર સરકારે સબસિડી વાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા વાર્ષિક છથી વધારીને ૧૨ કરવામાં આવે તે જરૂરી છે. શુકવારના દિવસે કોંગ્રેસ પ્રમુખ અને પોતાની માતા સોનિયા ગાંધી સાથે લોકસભા

વિસ્તાર રાયબરેલીમાં બે દિવસની મુલાકાતે આવેલા પ્રિયંકાએ કોંગ્રેસના કાર્યકરોના એવા મત સાથે સહમતિ દર્શાવી હતી કે તેમની સમસ્યાઓના નિરાકરણ માટે તેઓ અહીં આવેલા છે. મિટિંગમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસના નેતાઓના જણાવ્યા મુજબ પ્રિયંકાએ પક્ષના કાર્યકરોને એમ કહ્યુ હોવાનું જાણવા મળ્યુ છે કે એક ગૃહિણી તરીકે તે સામાન્ય લોકોની સમસ્યાને ખુબ સારી રીતે સમજે છે. કેન્દ્ર સરકાર સબસિડી વાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા છના બદલે ૧૨ કરવાના વિકલ્પ ઉપર વિચારણા કરી રહી છે. પ્રિયંકાએ એમ પણ કહ્યુ છે કે તેમના ભાઈ રાહુલ ગાંધી પણ ટૂંક સમયમાં જ સરકાર સમક્ષ રજુઆત કરશે. વડાપ્રધાન સમક્ષ આ મામલો ઉઠાવવા રજુઆત કરવામાં આવશે. ગુરુવારના દિવસે રાહુલ ગાંધીએ પણ તેમના લોકસભા મતવિસ્તાર અમેઠીમાં વર્કરોને ખાતરી આપી હતી કે તેઓ સબસિડી વાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા વધારવાના વિકલ્પ ઉપર વાત કરશે.

આકાશ ટેબલેટ બનાવનાર સુનિત હવે ફોર્બ્સ યાદીમાં

ન્યૂયોર્ક,તા. ૧૦

વિશ્વપ્રસિદ્ધ ફોર્બ્સ મેગેઝિને ડેટાવિન્ડ કંપનીના ભારતીય મૂળના મુખ્ય અધિકારી સુનિતસિંહ ટુલી અને મેસાચુસેટ્સ ઈન્ફરમેશન ટેકનોલોજી સંસ્થા એમઆઈટીના પ્રોફેસર અનંત અગ્રવાલને એવા ૧૫ લોકોની યાદીમાં સામેલ કર્યા છે જે નવી ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણના ક્ષેત્રમાં જોરદાર ફેરફાર લાવી રહ્યા છે. આકાશ ટેબલેટ બનાવનાર સુનિતસિંહ ટુલી ફોર્બ્સના ટોચના ૧૫ લોકોની યાદીમાં સામેલ થયા છે. ડેટાવિન્ડ એ કંપની છે જે કંપનીએ ભારતમાં સૌથી ઓછી કિંમત વાળા આકાશ ટેબલેટનું નિર્માણ કર્યુ છે. મેગેઝિને કહ્યુ છે કે ૪૪ વર્ષીય સુનિત વિશ્વના સૌથી સસ્તા ટેબલેટ કોમ્પ્યુટર આકાશના મુખ્ય યોજનાકાર છે. જેમાં વિકાસશીલ દેશમાં શિક્ષણમાં ક્રાંતિકારી ફેરફાર લાવવાની ક્ષમતા છે. અત્રે ઉલ્લેખનિય છે કે આ કંપનીની પાસે લાખો લોકોએ આકાશના બુકિંગ માટે અરજી કરી દીધી છે. મેગેઝિન મુજબ સુનિતે કહ્યુ છે કે આઈપેડની કટિબદ્ધતાને લઈને કોઈ ચિંતા નથી. પરંતુ એવા ત્રણ અબજ લોકોની ચિંતા છે જેને આની જરૂર છે.

યાદીમાં સામેલ અન્ય ભારતીય અને એમઆઈટી કોમ્પ્યુટર વિજ્ઞાનમાં પ્રોફેસર અનંત અગ્રવાલ એડએક્સના પ્રમુખ પણ છે. એકએક્સ હાવર્ડ, એમઆઈટી, કેલિફોર્નિયા યુનિવર્સિટી અને ટેક્સાસ યુનિવર્સિટી તરફથી ઈન્ટરનેટ મારફતે શિક્ષણ આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વર્તમાન સમયમાં વિશ્વભરમાં ચાર લાખથી પણ વધારે લોકો આ શૈક્ષણિક કાર્યક્રમમાં સામેલ થયા છે. આ વર્ષે મે મહિનામાં એડએક્સના પ્રમુખ બની ગયેલા પ્રોફેસર અગ્રવાલે કહ્યુ હતુ કે અમે વિશ્વભરમાં વિદ્યાર્થીઓને ઘણી રાહત આપી રહ્યા છીએ. ઓનલાઈન શિક્ષણમાં ફેરફાર લાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ૧૫ લોકોની યાદીમાં ખાન એકેડમીના બાંગ્લાદેશી-અમેરિકી સ્થાપક સલમાનખાન પણ સામેલ છે.

વાત કાનૂન કાયદાની (પાના નં. ૪ નું ચાલુ)

જો જમીન એક કરતાં વધુ વ્યક્તિ અથવા સંયુક્ત કુટુંબના નામે હોય તો ગણોત ધારા કલમ ૮૮(સી) નીચે પ્રમાણપત્ર આપતી વખતે તથા બધા ભાગીદારોની આવક ધ્યાનમાં લેવામાં આવે છે.

ભૂદાન સમિતિએ સોંપેલ જમીનમાં ખેતી ના કરતા હોય અને બીજાને જમીન સોંપી હોય તો સરકાર જમીન સંપાદન કરી શકે છે. સાર્વજનિક, ધાર્મિક, પૂજા માટેની સંસ્થાની મિલ્કત, હોય તો તેવી જમીનને ગણોત ધારા કલમ ૮૮(બી) મુજબ માફી આપવામાં આવે છે.

ઉપરોક્ત સિવાયનો ગણોતધારાની જોગવાઇ અનુસાર મળેલ જમીનને મુક્ત રાખવા બાબત સરકારે જાહેરનામા પ્રસિધ્ધ કરેલ છે જે મુજબ સરકારની માલિકી અથવા સરકાર પાસેથી પટે મેળવી ધારણ કરેલ જમીન સરકાર ગમે તે હેતુ માટે સંપાદન કરી શકે છે અથવા ઔદ્યોગિક વિકાસ માટે અનામત વિસ્તાર તરીકે આવી જમીન અલગ રાખવામાં આવે છે. જેમાં ગણોત હક્ક લાગુ પડતા નથી જેમ જેમ શહેરનો વિસ્તાર થતો જાય તેમ તેમ ધંધાની જરૂર જણાય તો માટે સરકાર પટે આપેલ જમીન વિકાસનાં કામ માટે સંપાદન કરી શકે છે.

તુર્કીમાં એક હેલીકોપ્ટર તૂટી પડતાં ૧૭ના મોત

અંકારા, તા. ૧૦

તુર્કીમાં આજે સવારે ધુમ્મસભર્યા વાતાવરણમાં હેલીકોપ્ટર તૂટી પડતાં ૧૭ સૈનિકોના ઘટના સ્થળ પર જ મોત થયા હતા. મુર્દાસ્તાનના બળવાખોર સામેના મોરચાના મિશન હેમુ જઈ રહેલા તુર્કીના સેનાનું હેલીકોપ્ટર હવામાં જ તૂટી પડ્યું હતું. જેમાં સવાર ૧૭

જવાનો મોત થયા હતા. શીર્ત પ્રાંતના પેરવારી જિલ્લાના પહાડી વિસ્તારોમાં હેલીકોપ્ટર તૂટી પડતાં સત્તાવાળાઓએ તપાસ શરૂ કરી દીધી છે. આ વિસ્તાર બળવાખોર મુર્દાસ્તાન વર્તુરા પાર્ટીના સક્રિય છે. પ્રાંતના ગવર્નર અહેમદ આયદીને કહ્યું હતું કે, ૧૩ જવાનો અને ૪ ક્રુમેમ્બરના ઘટના સ્થળે અને દુઃખદ મોત થયા હતા. જ્યારે સરકાર સંચાલિત ટીવી ન્યુઝ ચેનલના અહેવાલ મુજબ તાજેતરના મહિનાઓમાં સતત હુમલા કરી રહેલા ખુર્દીશ બળવાખોરો વિરૂદ્ધ લશ્કરી દળોએ કાર્યવાહી કરી હતી.

જમ્મુ કાશ્મીરમાં ઘૂસણખોરીનો એક મોટો પ્રયાસ નિષ્ફળ

શ્રીનગર,તા. ૧૦

જમ્મુ કાશ્મીરમાં ઘૂસણખોરીનો એક મોટો પ્રયાસ નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો છે. ઉત્તરીય કાશ્મીરના કુપવારા જિલ્લામાં સૈનાએ અંકુશ રેખા નજીક ઘૂસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો છે. આ કાર્યવાહીમાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા હતા. સેનાના એક પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે આ આતંકવાદીઓ સરહદ પારથી કેરાન સેક્ટર મારફતે કાશ્મીર ખીણમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા એ વેળા સાવધાન રહેલા સેનાના જવાનોએ તેમની પ્રવૃત્તિ નિહાળી હતી અને શરણાગતિ સ્વીકારી લેવા કહ્યું હતું પરંતુ આતંકવાદીઓએ શરણાગતિ સ્વીકારવાના બદલે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો અને ગોળીબાર કર્યો હતો જેના જવાબમાં જવાબી કાર્યવાહી કરવામાં આવતા ચાર આતંકવાદીઓ માર્યા ગયા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ હજુ સુધી મળી શકી નથી. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી કેટલાક હથિયાળો કબજે કરવામાં આવ્યા હતા. તાજેતરમાં જ આંકડામાં કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર સિંદેએ કબૂલાત કરી હતી કે વર્ષ ૨૦૧૧માં સરહદપારથી આતંકવાદીઓ દ્વારા જમ્મુ કાશ્મીરમાં ઘૂસણખોરીના ૯૩ પ્રયાસ થયા હતા પૈકી ૨૬ પ્રયાસો સફળ રહ્યા હતા. આ વર્ષે ૩૧મી જુલાઈ સુધી ઘૂસણખોરીના પ્રયાસોની સંખ્યા વધીને ૧૩૯ ઉપર પહોંચી ગઈ છે જેપૈકી ૬૭ પ્રયાસોમાં ત્રાસવાદી સફળ રહ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાના પ્રયાસ પાકિસ્તાન દ્વારા હમેશા કરવામાં આવ્યા છે. પાકિસ્તાનમાં હજુ પણ મોટી સંખ્યામાં આતંકવાદીઓ સક્રિય થયેલા છે જે ઘૂસણખોરી કરવાની રાહ જોઈ રહ્યા છે.

મુંબઈના આઝાદ મેદાન ખાતે થયેલા હિંસાના મામલામાં ૫૭ લોકો સામે હત્યાના આરોપો યથાવત

મુંબઈ,તા. ૧૦

મુંબઈના આઝાદ મેદાન ખાતે થયેલા હિંસાના મામલામાં ૫૭ લોકો સામે હત્યાના આરોપો યથાવત્ રાખવામાં આવ્યા છે. મુંબઈ પોલીસ દ્વારા ૧૧મી ઓગસ્ટના દિવસે આઝાદ મેદાન ખાતે ભડકી ઉઠેલી હિંસાના સંબંધમાં સંડોવાયેલા ૫૭ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. મુંબઈ પોલીસે તેની ૩૩૮૪ પાનાની ચાર્જશીટમાં હત્યાના આરોપો પડતાં નહીં મૂકવાનો નિર્ણય કર્યો છે. કારણ કે ભોગ બનેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભોગ બનેલા લોકોને ગોળીઓની ઈજા થઈ હતી. અત્રે નોંધનીય છે કે ૧૧મી ઓગસ્ટના દિવસે ભડકી ઉઠેલી વ્યાપક હિંસામાં બે લોકોના મોત થયા હતા અને ૪૪ પોલીસ જવાન સહિત ૫૨ લોકો ઘાયલ થયા હતા. આસામ અને મ્યાનમારમાં મુસ્લિમો ઉપર અત્યાચારના વિરોધમાં રેલી દરમિયાન એકાએક હિંસા ભડકી ઉઠી હતી. મંગળવારના દિવસે સેશન કોર્ટે ૧૪ આરોપીઓને જામીન આપી દીધા હતા. આ હિંસાને લઈને દેશભરમાં હોબાળો મચી ગયો હતો.

આઝાદ મેદાન હિંસામાં સામેલ લોકોને અગાઉ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. કસ્ટડીમાં લેવામાં આવેલા ૧૪ લોકોને જામીન આપવામાં આવ્યા હતા. ગયા સપ્તાહમાં જ કોર્ટે ૧૪ આરોપીઓને આવી જ રાહત આપી હતી.

એ વખતે મુંબઈ હાઈકોર્ટે આ કેસના સંબંધમાં ચાર લોકોને જામીન આપી હતી. ૬૩ લોકો પૈકીના પાંચને અગાઉ ડીસચાર્જ કરી દેવામાં આવ્યા હતા. તેમની સામે કોઈ પણ કેસ નહીં હોવાની બાબતમાં પોલીસને જાણવા મળ્યા બાદ તેમને ડીસચાર્જ કરવામાં આવ્યા હતા. આઝાદ મેદાન હિંસાનો મામલો દેશભરમાં ચમક્યો હતો. મુસ્લિમો સામે રોષનું મોજું પણ ફળી વળ્યું હતું. યોજના પૂર્વક હિંસા ફેલાવામાં આવી હોવાનો આક્ષેપ થયો હતો.